K. C. PATEL ADVOCATE G 489 1989

KISHORKUMAR C.PATEL
Advocate
"SURYA" Ring road,
Nr.Blue Hevan Sweem & zym
Manjipura 387320(NADIAD)
મો.૯૮૨૫૨૬૬૦૧૧

કિશોરકુમાર સી.પટેલ
ની.૪૯૮/૧૯૮૯ એડવોકેટ
"સુર્યા" રીંગરોડ,બ્લ્યુ હેવન
સ્વીમ એન્ડ જીમ પાસે,મંજીપુરા
તા.નડીયાદ ૩૮૭૩૨૦
ફોન નંબર.૯૦૯૯૯૬૬૦૧૧

જા. 33/2020

---

મીલકત બોજા રહીત હોવાનુ અને વેચાણને પાત્ર હોવાનુ પ્રમાણપત્ર

**મીલકતની વિગત :-**

નડીયાદ જી.ખેડા મધ્યે, મીશનરોડ કટારીયા કોમ્પલેક્ષ ની બાજુમાં આવેલ ખુલ્લી જમીન

વ.વિ.નંબર. ૧ સીટી સર્વેનંબર. ૧૨૪૦ ક્ષેત્રફળ ૫૫૨.૦૫ ચો.મી.ની ખુલ્લી જમીન

**હાલના રેકર્ડ પરના માલીકો :-**

(૧) અરવિંદભાઈ ભુપાલસીંહ સકસેન (૨) વિશાલ રમેશચંન્દખ્ર ચંડી રહે.નડીયાદ

અગાઉ અમોએ સદરહુ મીલકતનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ તે સમયમા માલીકો અને કબજેદારો પ્રભાબેન તે શીશીરકુમાર નટવરલાલ શાહની વિધવા (૨) આશીષભાઈ શીશીરકુમાર શાહ અને (૩) ઉન્નતભાઈ શીશીરભાઈ શાહ ત્રણેય રહે.૯એ.વૃદાવન સોસાયટી,વાણીયાવડ પાસે,કોલેજરોડ,નડીયાદને આપવાનુ હોઈ,અમોએ સદરહું ઉપર વર્ણવેલ મીલકત સંબધી અમોએ ગુજરાત સમાચાર જાહેર ન્યુઝ પેપરમાં જાહેર જનતા જોગ નોટીસ તા.૧૮.૫.૨૦૧૭ના રોજ પ્રસીધ્ધ

કરેલ હતી તેના અનુસંધાને ગોપાલદાસ હેમનદાસ ભગવાનાણી રહે.આઈ.જી.માર્ગ,નડીયાદની સુચનાથી તેમના વકીલશ્રી કમલેશભાઈ પ્રવીણભાઈ ચાવડા આણંદની મારફતે રજી.પોષ્ટથી ઝેરોક્ષ નકલો વાંધા અરજીના સ્વરુપે મોકલી આપેલ છે. પંરતુ તેની સાથે કોઈપણ જાતનો પુરાવો મોકલેલ નથી.જેથી અમોએ જરુરી માહીતી અમારા અસીલ જે હાલના માલીકો પાસેથી મેળવેલ છે તે સંબધી સવિસ્તર નીચે મુજબ હકીકત જાહેર કરુ છું.

(૧) કે.પી.ચાવડા એડવોકેટ ધ્વારા મળેલ વાંધાની નકલ નંબર.૧અને ૩ ધ્યાને લેતા,અમોએ આપેલ જાહેર નોટીસ ખોટી હોવાની હકીકત,તથા મીલકત સબબ કો.મુ.નં.૨૦૭/૧૯૮૧, કો.મુ.નં.૨૭૯/૨૦૦૦ અને સી.પ્રાં.અ. નં.૨૮૨/૨૦૦૦ દાખલ થયેલાની હકીકત જાહેર કરેલ છે.અને કો.મુ.નં.૨૦૭/૮૧ના દાવામાં સમાધાન કરેલ અને અમારા અસીલના પીતાજી શીશીરભાઈએ કબુલ રાખેલ હોવાની હકીકત જાહેર કરેલ,પંરતુ તેવા સમાધાનની કોઈ નકલ રજુ કરેલ નથી કે શુ હકીકત કબુલ કરેલ તેવી કોઈ હકીકત જણાવેલ નથી બીજી હકીકત એ છે કે કો.મુ.નં.૨૭૯/૨૦૦૦નો ગોપાલભાઈએ દાખલ કરેલ જે દાવો સને.૨૦૦૨માં ફેસલ થઈ ગયેલ,તેની સામે ગોપાલભાઈએ સી.પ્રા.અ.નં.૨૮૨/૨૦૦૦ની અપીલ જીલ્લા અદાલતમાં દાખલ કરેલ તે અપીલ પણ સને.૨૦૦૨માં ફેસલ થયેલ પંરતુ શુ પરીણામથી ફેસલ થયેલ તેવી કોઈ હકીકત વાધાં અરજીમાં જણાવેલ નથી,નીચે એવી હકીકત તેવો જણાવે છે કે જવાબમાં ભાડુઆત હકક હોવાની હકીકત અને તે ના.કોર્ટે માનીને તેમની તરફેણમાં ચુકાદો આપેલ પંરતુ તેવા ચુકાદાની કોઈ નકલ આપેલ નથી.

કો.મુ.નં.૨૦૭/૮૧ના દાવા સંબધી સમાધાન થયેલ હોય તો કો.મુ.નં.૨૭૯/૦૦ કરવાનુ કારણ શુ ?.અને કો.મુ.નં.૨૦૭/૮૧ માં સમાધાનની વાત કરે છે અને અમારા અસીલના પીતાજીએ કબુલ કરેલ હોવાની હકીકતને જણાવે છે પંરતુ અમારા અસીલે તે સમયે મીલકત ખરીદ કરેલ જ ન હતી તો પછી તેઓ કબુલ કરે કેવી રીતે ?આમ સદરહું દાવાઓ,અપીલો ફેસલ થયેલ હોવા છતાં,તેમની તરફેણમાં જો કોઈ હુકમ આવ્યો હોય તો તેઓએ રજુ કર્યો નથી તેની કોઈ નોંધ રેવન્યુ રેકર્ડ પર થયેલ નથી.બીજી નકલ મી.ચાવડાએ જાહેર ન્યુઝ પેપરમાં નોટીસ પ્રસીધ્ધ

કરાવેલ તેની નકલ છે.ત્રીજી નકલ તે પ્રથમ નકલ જે અમારા અસીલ– મીલકતના માલીકોને વાંધો તથા પ્રતિ નોટીસ મોકલી આપેલ તેની નકલ છે.

સદરહું વાધાઅરજી બાબતે અમોએ મીલકતના માલીકને પુછતા તેઓએ કો.મુ.નં.૨૩૬/૨૦૦૦ના દાવાનુ જજમેન્ટ રજુ કરેલ તે જોતાં લીનાબેન ઉર્ફે લતાબેન ગોપાલદાસ ભગવાનાની તે સુમનગૌરી દુધાભાઈ દાજીભાઈની દીકરી રહે.ડી.ડી.પરમાર બંગલો,કોપન સ્ટ્રીટ,મીશનરોડ,નડીયાદ ધ્વારા મીલકતના સહ માલીક કુમુદાબેન દુધાભાઈ પરમાર,ઉષાબેન ચીમનલાલ,રાજેશ ચીમનલાલ પરમાર,દીનેશ ચીમનલાલ પરમાર, સુણાનાબેન કાન્તીલાલ પરમાર,નીલમબેન કાન્તીલાલ પરમાર,વસંત કાન્તીલાલ પરમાર અને શીશીરભાઈ નટવરલાલ શાહનાઓની સામે દાવો દાખલ કરેલ તે દાવામાં રે.સ.નં.૨૬૦૭/૬ ની ૫.૦૬ ગુઠાની જમીન અને તેમાં વારસાઈ હકક પોષાતો હોવાની હકીકત જાહેર કરેલ અને અમારા દાદા મીલકતના મુળમાલીકે ૪૦ વર્ષ ઉપર ચંન્દ્રાબેન હેમતદાસ ભગવાનાણીને ભાડેથી આપેલ અને તેઓ ભાડુઆત હકક ધરાવતા હોવાની હકીકત,અમારા જાણવામાં આવેલ છે કે પ્રતિવાદી નં.૯ ના સદરહું મીલકતનો તમામ હીસ્સો તોડી નાંખી કોમ્પલેક્ષ બનાવવા જમીન દોસ્ત કરવાની તૈયારી કરી રહેલા છે.આમ એક હકીકત સ્પષ્ટ થયેલ કે હાલના માલીકોના વડીલે સને.૨૦૦૦માં બાંધકામવાળી મીલકત તોડવાની શરુઆત કરેલ તે દાવાનું કારણ ઉભુ થયેલ,આમ મીલકત હાલ ખુલ્લી જમીન છે તે હકીકત નિર્વિવાદ છે.(તેમજ અમારા ઘરની ફરતે દુકાનો બનાવીને અમારા હવા ઉજાસના તેમજ વાપર ઉપયોગમાં આવવા જવાના રસ્તાને રોકીને અમોને અમારા સુખાધિકારના અધિકારથી વંચીત કરવાની પેરવી કરી રહેલા છે – આનો અર્થ એવો હું માનુ છુ કે ઉપર વર્ણવેલ મીલકત સિવાયની દાવાવાળી મીલકત છે અને તે મીલકતના સુખાધીકારમાં ભંગ થતો હોઈ મજકુર દાવો દાખલ થયેલ હોય,તે દાવાની દાદ જોતાં,પ્રતિવાદી નં.૯ નાએ મીલકત ખરીદવાનુ કાર્ય ખોટુ હોવાનુ,દસ્તાવેજ રદબાતલ ઠરાવો,તેમના સુખાધીકારથી વંચીત કરે નહી,કે તોડફોડ કરે નહી તથા જે તોડફોડ કરેલ તે રીપેરીગ કરી આપો તથા કમ્પાઉન્ડમાં પ્રવેશ કરે નહી તેવી દાદ

માંગેલ જે દાવો તેમની ગેરહાજરીમાં ના.સીવીલ કોર્ટે તા.૧૩.૬.૨૦૦૭ના રોજ ડીસમીસ કરેલ છે.તે દાવા પર કોઈ અપીલ કરેલ હોય તેવુ જણાઈ આવતુ નથી.

કો.મુ.નં.૨૭૯/૨૦૦૦ના દાવામાં મનાઈઅરજીના હુકમ સામે ચંન્દ્રાબેન ધ્વારા જીલ્લા અદાલતમાં સી.પ્રા.અપીલ નંબર.૨૮૨/૨૦૦૦ની દાખલ થયેલ છે. પંરતુ તે અપીલ ડીસમીસ કરેલ છે.જયારે કો.મુ.નં.૨૭૯/૨૦૦૦નો દાવો તા.૧૩.૬.૨૦૦૭ના રોજ ડીસમીસ કરી દીધેલ છે.આમ અપીલનો હુકમ, દાવો સ્ટેન્ડ પર ના હોવા છતાં થયેલ છે. પંરતુ અપીલ નામંજુર થયેલ હોઈ તેને કોઈ રીતે ગંભીરતા લઈ શકાય નહી.આમ ચંન્દ્રાબેન તરફથી દાખલ થયેલ દાવો ડીસમીસ થયેલ છે અને તે દાવાના આંક.૫ મનાઈઅરજી પર થયેલ અપીલ પણ નામંજુર કરેલ છે.અને દાવાનુ પરીણામ સને.૨૦૦૭માં આવી ગયેલ છે તેની સામે કોઈ અપીલ થયેલ ના હોઈ અને ધણો સમય ગયેલ હોઈ,લીમીટશેન એકટની જોગવાઈઓ બંધનકર્તા હોવાનુ માનીએ તો,વાંધો આપનાર ધ્વારા દાખલ કરેલ સીવીલ લીટીગેશન પુરા થયેલાનુ મારુ માનવુ છે કારણ કે તેની સામે કોઈ અપીલો રીવીઝનો ના.ગુજરાત હાઈકોર્ટમાં થયેલ હોવાનુ કોઈ નોંધ મળી આવેલ નથી તથા ગોપાલભાઈ તરફથી જે વાંધા આપેલા તેમાં પણ તેઓએ જણાવેલ નથી તેનો અર્થ સીવીલ લીટીગેશન કોઈ ઉભુ રહેલ નથી તે હકીકત નહી માનવાને કોઈ કારણ નથી. આમ વાંધા અરજી સંદર્ભે વાંધો આપનારનો કોઈ હકક હીસ્સો હોય તો તેઓએ સાબીત કરેલ નથી કે કોઈ પુરાવા આપેલ નથી પંરતુ વાંધો હકક ના હોવા છતાં આપેલ હોવાનુ મારુ માનવુ છે. જે વાંધો ગ્રાહય રાખવાને પાત્ર નથી.મુળ વાંધો તા.૧.૧૦.૧૯૬૩ના વીલ સામે લેવો જોઈએ,જે વાંધો સીવીલ કોર્ટની જગ્યાએ તેઓએ રેવન્યુ રેકર્ડ પર લીધેલ હતો તેની ચર્ચા નીચે મુજબ છે.

આ કામના વાંધો આપનાર ધ્વારા અગાઉ વીલની નોંધ સબબ તકરાર કરેલી તેનો મામલતદારશ્રીએ તકરારી કેસ નંબર.૫/૨૦૦૦નો ઉભો કરી ચલાવેલ અને વાંધેદારનો વાંધો એવો હતો કે દુધાભાઈના વીલનુ પ્રોબેટ લીધા સિવાય વીલની નોંધ પાડેલ પંરતુ મામલતદારશ્રીએ તેમની તકરારમાં દુધાભાઈ દાજીભાઈએ સદરહું મીલકતો તા.૮.૧૦.૧૯૨૦ના રોજ તેના માલીક બાવાજી વેણીભાઈ,નાથાભાઈ નારણભાઈ,પ્રાગજીભાઈ મથુરભાઈ, નાગરભાઈ જેઠાભાઈ વિગેરેઓ પાસેથી રૂા.૨૩૫૦/-માં વેચાણ રાખેલી તેમની સ્વપાર્જીત મીલકત હોઈ તેઓએ

તા.૧.૧૦.૬૩ના રોજ વીલ કરેલ અને સવિતાબેન અને સમજગૌરીને કોઈ મીલકત આપેલ નથી.જે પરીણીત હતી  તથા સવિતાબેન તથા સુમનબેન ધ્વારા તા.૧૪.૫.૧૯૭૦થી સદરહું મીલકતોમાં તેમના પીતાના વારસદાર તરીકે કોઈ હકક જોઈતો નથી તેવુ  સોગંદનામુ કલેકટરશ્રી સમક્ષ સીટીએસ રીવીઝન માં રજુ થયેલ હતુ,અને વાંધેદારના માતુશ્રી સુમનબેન જેઓ તા.૧.૬.૯૨ ના રોજ મૈયત થયેલા છે તેઓ જીવ્યા ત્યાં સુધી કોઈ વાંધો પણ ઉઠાવેલ નથી. તેઓએ કોઈ કલેઈમ કરેલ નથી ઉપરથી હઅકક જતો કરેલ તો તેમના વારસો હકક કરી શકે નહી.તે મુજબ તકરારોનો નિકાલ થયેલ હતો.આમ દુધાભાઈની મીલકત સ્વપાર્જીત હોઈ તેઓ વીલ કરી ટ્રાન્સફર કરી શકે,તેવી નોધ સીટી સર્વેના રેકર્ડ પર જણાય આવે છે.સદરહું મામલતદારશ્રીની તકરારી કેસ નં.૫/૨૦૦૦ ના હુકમ સામે ડે.કલેકટરશ્રી સમક્ષ સીટીએસ અપીલ નં.૩/૨૦૦૧ ની વાંધેદારે  દાખલ કરેલ,જે નામંજુર થતાં વાંધેદાર તરફથી સીટીએસ રીવીઝન કલેકટરશ્રી ખેડા સમક્ષ નંબર. ૨૨/૨૦૦૧ની દાખલ થયેલ જે રીવીઝન તા.૧૫.૬.૨૦૦૨ ના રોજ નામંજુર કરેલ હતી.અને સીટી સોર્વે સુપ્રીટેન્ડન્ટશ્રી/મામલતદારશ્રીનો હુકમ યથાવત રાખેલ,ત્યારબાદ તે હુકમ સામે એસ.એસ.આર.ડી.માં હાજર થઈ રીવીઝન કરી હોય  તો તેના હુકમની નોંધ રેકર્ડ પર થાય, પંરતુ આગળ કોઈ કાર્યવાહી થયેલ નથી કે વાંધેદાર તરફથી તેમના વાંધામાં પણ અમોને જણાવેલ નથી.

બીજી બાજુ,વાંધો આપનાર લીનાબેન ધ્વારા નડીયાદ નગરપાલીકાને ભાડુઆત હોવાની અરજી આપેલ હોવાની હકીકત દાવાઓમાં જણાઈ આવેલ છે પંરતુ નગરપાલીકાને આવા હકક ઠરાવવાની કોઈ સત્તાઓ મળતી નથી તથા સીવીલ કોર્ટમાં કો.મુ.નં.૨૨૦/૯૯ નો દાવો માસીક રુા.૧૮૦/–ના ૧૫ વરસથી ભાડુઆત હોવાનો દાખલ કરેલ બે વાકયો ભીન્ન હોઈ તેમની અપીલ તા.૨.૮.૨૦૦૧ થી નામંજુર કરેલ હતી તેની સામે લીનાબેન ધ્વારા  આગળ કોઈ કાર્યવાહી થયેલ નથી કે મારી સમક્ષ રજુ કરેલ નથી કે રેવન્યુ રેકર્ડ પર તેની કોઈ નોંધ નથી.

**મીલકત કોને કેવી રીતે મળેલ તે હકીકત :–**

સદરહું મીલકતોના મુળમાલીક દુધાભાઈ દાજીભાઈ હતા,તેઓએ તેમની હયાતીમાં તા.૧.૧૦.૬૩ના રોજ વીલ કરીને તેમના વારસો વચ્ચે મીલકતોની વહેચણી કરેલ

તે મુજબ તેમના સીધી લીટીના વારસદારો હયાત ના હોઈ તેમના વારસોના નામે મીલકત ટ્રાન્સફર થયેલ તે મુજબ

સીટી સર્વે નંબર. ૧૨૪૦ સી.સ.ન.૧૨૪૧ ની મીલકત તેમના પુત્ર કાન્તીલાલ ડી.પરમાર ના હીસ્સે આપેલ પંરતુ કાન્તીલાલ તા.૨૮.૧૧.૯૩ ના રોજ મૈયત થતા તેમના વારસો સુસન્નાબેન કાન્તીલાલ પરમારની વિધવા, વસંતભાઈ કાન્તીલાલ પરમાર અને નિલય કાન્તીલાલ પરમારનાઓ સીટી સર્વેના રેકર્ડ પર તા.૯.૩.૯૪ના રોજ વારસાઈ હકકથી દાખલ થયેલા.

સી.સ.ન.૧૨૪૨ ની મીલકત તેમના પુત્ર મણીલાલ ડી.પરમાર ના હીસ્સે નીચે દળ અને ઉપરદળ કુમુદાબેન ડી.પરમારના હીસ્સે દાખલ થયેલ,પંરતુ નીચે દળનો હીસ્સો કુમુદાબેને વેચાણ દસ્તાવેજ નંબર.૮૦૨૭ તા.૧૬.૧૨.૮૨ થી મણીલાલ ડી.પરમાર પાસેથી વેચાણ લીધેલ હોઈ મણીલાલનું નામ કમીનો ફેરફાર સી.સ.ન.૧૨૪૨ માં પડેલ છે. તેમ કરી કુમુદાબેન સી.સ.ન.૧૨૪૨ના સંપુર્ણ માલીક કબજેદાર બનેલા.

સી.સ.ન.૧૨૪૩ અને સી.સ.ન.૧૨૪૪ ની મીલકત ચીમનલાલ ડી.પરમાર ને મળતા પંરતુ વીલથી થયેલ નોંધ મુજબ અને ચીમનભાઈના વારસો હયાત હોઈ,(૧) આનંદીબેન ચીમનભાઈ પરમાર (૨) ઉષાબેન ચીમનલાલ પરમાર (૩) દિનેશભાઈ ચીમનલાલ પરમાર અને (૪) રાજેશ ચીમનલાલ પરમારના નામે સીટી સર્વેમાં દાખલ થયેલી.

સી.સ.૧૨૮૨ ની મીલકત કાન્તીલાલ દુધાભાઈ પરમાર,મણીલાલ દુધાભાઈ પરમાર,કુમુદાબેન દુધાભાઈ પરમાર,આનંદીબેન ચીમનલાલ પરમાર,ઉષાબેન ચીમનલાલ પરમાર,દીનેશભાઈ ચીમનલાલ પરમાર અને રાજેશભાઈ ચીમનલાલ પરમાર ના નામે સને.૮૨માં સીટી સર્વેના રેકર્ડ પર હતી પંરતુ તે સંબધી વહેચણી ની સી.સ.નં.૧૨૪૦ની નોંધ મુજબ બીજા નામ કમી કરી ફકત કાન્તીભાઈ ડી.પરમારના વારસો સુસન્તાબેન કાન્તીલાલ,વસંતભાઈ કાન્તીલાલ અને નીલય કાન્તીલાલના નામ તા.૯.૩.૮૪ના રોજ સીટી સર્વેમાં દાખલ થયેલા છે.

ઉપર જણાવ્યા મુજબ સીટી સવે નંબરોની મીલકત દુધાભાઈ દાજીભાઈ પરમારના નામે સને.૧૯૨૦થી વેચાણથી નામફેર થયેલ છે.અને દુધાભાઈના ૧૯૬૩ ના વીલથી તેમના વારસો–પ્રતિવારસોના નામે નામફેર થયેલ છે તે મુજબ જે તે

વ્યકિતઓના કબજા ભોગવટા માલીકી હકક સમાયેલો હતો તેમના સિવાય બીજા કોઈનો કોઈપણ જાતનો હકક હીસ્સો લાગભાગ હીત સંબધ ન હતુ કે ઉભુ થયેલ નથી.

**વેચાણ લેનારની હકીકત :–**

સદરહું મીલકત જોડાજોડની હોઈ ઉપરના જણાવેલા કબજેદારો પાસેથી ત્રણ દસ્તાવેજથી હાલના માલીકોના વડીલશ્રી શીશીરકુમાર નટવરલાલ શાહે તા.૯.૫.૨૦૦૦ ના રોજ દસ્તાવેજ નંબર. ૧૬૦૧, ૧૬૦૨, ૧૬૦૩ થી તેના મુળ માલીકો પાસેથી વેચાણ લઈ કબજે લીધેલ હતી.

**દસ્તાવેજ નંબર. ૧૬૦૧** તા.૯.૫.૨૦૦૦થી સીટી સ.નંબર.૧૨૪૩ અને ૧૨૪૪ નવો નંબર. ૨૪૮૨/૧–૧ અને ૨૪૮૨/૧–૨ ની મીલકત તેના માલીક આનંદીબેન સી.પરમાર,વસંતભાઈ ચીમનલાલ અને નિલય ચીમનલાલ પરમાર પાસેથી શીશીરકુમાર નટવરલાલ શાહરહે. નડીયાદનાઓએ તા.૯.૫.૨૦૦૦ના રોજ વેચાણ લીધેલ છે.

**દસ્તાવેજ નંબર.૧૬૦૨** થી સી.સ.ન.૧૨૪૨ નવો નંબર. ૨૪૮૨/૧–૩ ની મીલકત તેના માલીક કુમુદાબેન ડી.પરમાર પાસેથી શીશીરકુમાર નટવરલાલ શાહરહે. નડીયાદનાઓએ તા.૯.૫.૨૦૦૦ના રોજ વેચાણ લીધેલ છે. વેચાણ લીધેલ છે.

**દસ્તાવેજ નંબર.૧૬૦૩** થી સી.સ.ન.૧૨૪૦ અને ૧૨૪૧ બંને સંયુકત નવો નંબર. ૨૪૮૨/૧–૪ ની મીલકત તેના માલીક સુશાનાબેન કાન્તીલાલ પરમાર,વસંતભાઈ કાન્તીલાલ પરમાર,નીલમબેન કાન્તીલાલ પરમાર નાઓ પાસેથી શીશીરકુમાર નટવરલાલ શાહરહે. નડીયાદનાઓએ તા.૯.૫.૨૦૦૦ના રોજ વેચાણ લીધેલ છે. અધાટ વેચાણ દસ્તાવેજથી વેચાણ લીધેલ છે.

સદરહું દસ્તાવેજો કાયદેસરના રજી.એકટ નીચે નોંધાયેલા દસ્તાવેજો છે તેના આધારે વેચાણ લેનાર શીશીરકુમાર નટવરલાલ શાહનુ નામ ઉપરોકત હકીકતે વાંધેદાર તરફથી થયેલ કાનુની કાર્યવાહીઓના અંતે નામ દાખલ થયેલ છે.

શીશીરકુમાર નટવરલાલ શાહ તા.૧૭.૧૨.૨૦૧૫ ના રોજ મૈયત થતાં તેમના કાયદેસરના વારસદાર તરીકે(૧) પ્રભાબેન તે શીશીરકુમાર નટવરલાલ શાહની વિધવા (૨) આશીષભાઈ શીશીરકુમાર શાહ અને (૩) ઉન્નતભાઈ શીશીરભાઈ

શાહ (૪) શ્રુતીબેન અને (૫) સ્વાતીબેન ફેરફાર નોંધ નં.૪૭૨૦ વારસાઈથી દાખલ થયેલા અને શ્રુતીબેન અને સ્વાતીબેને તેમના હકક તેમના માતા–ભાઈઓની તરફેણમાં ઉઠાવી લેતા તેમના નામ કમીનો ફેરફાર નં.૪૭૨૦ બધી જ નકલોમાં અસર પડે તે રીતેનો તા.૧૭.૨.૧૬થી પડેલ છે.જે તા.૨.૪.૧૬ના રોજ મંજુર થયેલ છે.

સદરહુ મીલકત સને.૨૦૧૭ની સ્થીતી જોડાજોડ એકત્ર થયેલી ખુલ્લી જમીનના માલીક રેવન્યુ રેકર્ડ પર (૧) પ્રભાબેન તે શીશીરકુમાર નટવરલાલ શાહની વિધવા (૨) આશીષભાઈ શીશીરકુમાર શાહ અને (૩) ઉન્નતભાઈ શીશીરભાઈ શાહનાઓ હતા અને સદરહું જમીન વરસો અગાઉથી બીનખેતીની જમીન હોઈ તેઓએ અરજદારો અરવિંદભાઈ ભુપાલસીંગ સકસેન અને વિશાલ રમેશચંન્દ્ર ચંડી રહે.નડીયાદનાઓને તા.૪.૭.૨૦૧૭ ના રોજ વેચાણ દસ્તાવેજ નંબર–૪૦૦૮થી રુા.૩૮લાખમાં વેચાણ દસ્તાવેજથી વેચાણ લઈ તેમના કબજે લીધેલ છે.અને તેઓએ વેચાણ રાખતા અગાઉ મારી પાસેથી આ મીલકતનનુ ટાઈટલ કલીયરન્સ પ્રમાણપત્ર મેળવેલ હતુ,અને અમોએ ઉપર મુજબની કાર્યવાહી કરેલ હોઈ, અમોને મીલકત સંબધી તમામ માહીતી હોવાથી, મજવકુર પ્રમાણપત્ર ઈસ્યુ કરતા અગાઉ જાહેર નોટીસ અમોએ દૈનિક ન્યુઝ પેપરમાં આપેલ નથી.

આ જમીનમાં હાલના માલીકો સાથે થયેલ ચર્ચા અન્વયે કોઈ લેણુ બાકી નથી કે કોઈ બેન્કનુ લેણુ લીધેલ નથી કે તેવી કોઈ નોંધ રેકર્ડ પર નથી.આમ સદરહું જમીન બજારથી જોઈએ તો ખુલ્લી,એક જ માલીકીની વેચાણને પાત્ર છે. તેના તમામ પ્રકારના ટાઈટલ કલીયર અને મારકેટેબલ છે.જમીનમાં અન્ય વ્યકિતનુ,સંસ્થાનુ કોઈ હીત સમાયેલ નથી.

મજકુર મીલકતના થયેલ દસ્તાવેજ મુજબ સંયુકત ક્ષેત્રફળ ૫૪૨.૦૯ ચો.મી હત.પંરતુ સીટી સર્વેના રેકર્ડ મુજબ કુલ ૫૫૨.૦૫ ચો.મી છે જે એકત્ર થયા બાદની નોંધ સીટી સર્વે સુપ્રી.શ્રી નડીયાદના હુકમ નં.સીટીએસ/ વશી/ ૨૯૪/ ૨૦૧૮થી સી.સ.નં.૧૨૪૧,૧૨૪૨,૧૨૪૩,૧૨૪૪ તથા ૧૨૮૨ એકત્રી કરીને નવો નંબર ૧૨૪૦ આપવામાં આવેલ છે.

અમોએ સબ રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં સર્ચ લીધેલ છે તે સબંધીની રુા........../–ની ફી ભરી પાવતી પણ મેળવેલ છે. તથા સર્ચ રીપોર્ટ પણ અમોએ મેળવેલ છે જે આ

સાથે સામેલ છે. આમ તા.૪.૭.૨૦૧૭થી હાલના માલીકો–અરજદારોએ વેચાણ લીધી ત્યારથી આજદીન સુધી તેઓની માલીકી કબજો ભોગવટો છે .

ઉપરોકત હકીકતે ઉપર જણાવેલ મીલકતના તમામ ટાઈટલ કલીયર અને મારકેટેબલ છે. જે મુકત બજારમાં વેચાણને પાત્ર છે. અને તે માટે તેના માલીકો તેમના મનફાવે તેમ કુત્ય કરવા હકકદાર હોવાનુ મારુ માનવુ છે.

ઉપર મુજબનુ મારુ પ્રમાણપત્ર, હાલના માલીકોની તરફેણમાં રેકર્ડ પરની નોધો જોઈ તપાસીને આપેલ છે.

તારીખ.૨૦.૧.૨૦૨૦

નડીયાદ

કિશોરકુમાર સી.પટેલ

એડવોકેટ (જી.૪૮૯/૧૯૮૯)

K. C. PATEL ADVOCATE G 489 1989

KISHORKUMAR C. PATEL
B.Com., LL.B. Advocate
"Surya" Ring Road, Manjipura - 387320
Post. Dabhan. Ta. Nadiad. Dist. Kheda.
Mo. 98252 66011, 90999 66011

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : વ.વિ. નંબર જુના સીટી સર્વે નંબર ૧૨૪૦-૧૨૪૧,૨૪૮૨/૧-૪ ક્ષેત્રફળ ૧૧૩.૪૩ ચો.મી., ૧૨૪૨ ,૨૪૮૨/૧-૩ ક્ષેત્રફળ ૭૮-૯૦ ,૧૨૪૩-૧૨૪૪-૧૨૮૨ ૨૪૮૨/૧-૧,૨૪૮૨/૧-૨ ૩૪૯-૭૬ મળી કુલ ૫૪૨-૦૯ ચો.મી.ની જમીન સીટી સર્વેમાં એત્રત્રીત થયા બાદ નવો નંબર ૧૨૪૦ જેનું ક્ષેત્રફળ ૫૫૨-૦૫ ચો.મી.

Search in : નડીઆદ /NADIAD

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૨૦૧૩૬૦૦૦૮૮૬ | અરજી નંબર | ૪૯૯ | અરજી વર્ષ | ૨૦૨૦ |
| તારીખ | ૨૦ | માહે | જાન્યુઆરી | સને | ૨૦૨૦ |

રજુ કરનારનું નામ કિશોરકુમાર સી. પટેલ (એડવોકેટ)

| નીચે પ્રમાણે ફી પહોંચી | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી...... | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો...... | |
| શેરોની નકલ કરવા માટે ફી...... | |
| ટપાલ ખર્ચ...... | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )...... | |
| શોધ અગર તપાસણી............Year: 2004 2019 | ૨૭૦.૦૦ |
| દંડ કલમ-૨૫...... | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )...... | |
| નકલ ફી ફોલીયો...... | |
| ઈન્ડેક્ષ-૨ ફી ...... | |

| કુલ એકંદરે રૂ. | ૨૭૦.૦૦ |
|---|---|

અંકે રૂપીયા બે સો સીત્તેર પુરા

દસ્તાવેજ ના દિવસે તૈયાર થશે અને તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં આવશે.

નકલ કચેરીમાં આપવામાં

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

THE SEAL OF SUB REGISTRAR NADIAD / સબ રજીસ્ટ્રાર નો સીક્કો

D.B. Vaghela
સબ રજીસ્ટ્રાર
નડિયાદ

સુપ્રિટેન્ડેન્ટ ઓફ પસ અને ઇંસપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ ભાગ - ગુજરાત રાજ્ય )

## મિલ્કત પરના બોજા અંગેનું પત્રક

Search in કિશોરકુમાર સી. પટેલ (એડવોકેટ) અરજી નંબર : ૪૯૯ ગામ નું નામ : NADIAD

મિલ્કતનું વર્ણન વ.વિ. નંબર જુના સીટી સર્વે નંબર ૧૨૪૦-૧૨૪૧,૨૪૮૨/૧-૪ ક્ષેત્રફળ ૧૧૩.૪૩ ચો.મી., ૧૨૪૨ ,૨૪૮૨/૧-3 ક્ષેત્રફળ ૭૮-૯૦ ,૧૨૪3-૧૨૪૪-૧૨૮૨ ૨૪૮૨/૧-૧,૨૪૮૨/૧-૨ ૩૪૯-૭૬ મળી કુલ ૫૪૨-૦૯ ચો.મી.ની જમીન સીટી સર્વેમાં એત્રત્રીત થયા બાદ નવો નંબર ૧૨૪૦ જેનું ક્ષેત્રફળ ૫૫૨-૦૫ ચો.મી

દસ્તાવેજની આ શોધ એસ.આર.ઓ - નડિયાદ માં -12 વર્ષના ઇંડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પત્રક પુરતોજ પુરતોજ મર્યાદીત રહેશે આ શોધમા તા 20/1/2020 સુંધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે

નોંધ :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંયધરી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સબંધમા નુક્સાની માટેના કોઇપણ હકદાવા માટે તે જવાબદાર રહેશે નહિ

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભગ ક્ષેત્રફળ નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો) | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ<br>નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|
| માલિકી ફેરખત/વેચાણ<br><br>રૂા. ૩૮૦૦૦૦૦ | રે.સ.નં ૨૬૦૭/૬<br>વ.વી.નં ૧<br>સી.સ.નં ૧૨૪૦ ના ચો.મી ૨૭-03<br>સી.સ.નં ૧૨૪૧ ના ચો.મી ૫૪-3૨<br>સી.સ.નં ૧૨૪૨ ના ચો.મી ૫૨-૦૮<br>સી.સ.નં ૧૨૪3 ના ચો.મી ૫૨-૦૮<br>સી.સ.નં ૧૨૪૪ ના ચો.મી 3૬-૯૬<br>સી.સ.નં ૧૨૮૨ ના ચો.મી 3૨૯-૫૮<br>કુલ ચો.મી ૫૫૨.૦૫ વાળી રહેઠાંણ ની ખુલ્લી જમીન. | | પ્રભાબેન તે શિશીરકુમાર શાહ ની વિધવા<br>આશિષભાઇ શિરશીરકુમાર શાહ<br>ઉન્નતભાઇ શિશીરકુમાર શાહ | અરવિંદભાઇ ભૂપાલસિંગ સકસેન<br>વિશાલ રમેશચંદ્ર ચંડી | ૦૪/૦૭/૨૦૧૭<br><br>૦૪/૦૭/૨૦૧૭ | ૪૦૦૮ | |

THE SEAL OF SUB REGISTRAR NADIAD

તારીખ : ૨૦/૦૧/૨૦૨૦

સબ-રજીસ્ટ્રાર
એસ.આર.ઓ - નડિયાદ

2007

2019

સુપ્રિટેન્ડેન્ટ ઓફ સ્ટે[illegible]સ અને ઈન્સપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ [illegible]ભાગ - ગુજરાત રાજ્ય )

## મિલ્કત પરના બોજા અંગેનું પત્રક

Search in : કિશોરકુમાર સી. પટેલ (એડવોકેટ) અરજી નંબર : 499 ગામ નું નામ : NADIAD

મિલ્કતનું વર્ણન : વ.વિ. નંબર જુના સીટી સર્વે નંબર ૧૨૪૦-૧૨૪૧,૨૪૮૨/૧-૪ ક્ષેત્રફળ ૧૧૩.૪૩ ચો.મી., ૧૨૪૨ ,૨૪૮૨/૧-3 ક્ષેત્રફળ ७૮-૯૦ ,૧૨૪૩-૧૨૪૪-૧૨૮૨ ૨૪૮૨/૧-૧,૨૪૮૨/૧-૨ ૩૪૯-७૬ મળી કુલ ૫૪૨-૦૯ ચો.મી.ની જમીન સીટી સર્વેમાં એેત્રીત થયા બાદ નવો નંબર ૧૨૪૦ જેનું ક્ષેત્રફળ ૫૫૨-૦૫ ચો.મી.

દસ્તાવેજની આ શોધ Sub-Registrar Office(SRO) NADIAD મા -15 વર્ષના ઇન્ડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પુરતોજ મર્યાદીત આ શોધમા તા 20/1/2020 સુધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે.

નોંધ :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંયધરી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સબંધમા

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભગ નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |

THE SEAL OF SUB REGISTRAR • NADIAD • નડીઆદ ના સબ રજિસ્ટ્રારનો સિક્કો सत्यमेव जयते



પ્રિન્ટ તારીખ : 20/01/2020

2007

2019

સુપ્રિટેન્ડેન્ટ ઓફ સ્ટે[illegible]સ અને ઈન્સપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ[illegible]ભાગ - ગુજરાત રાજ્ય )

# મિલ્કત પરના બોજા અંગેનું પત્રક

Search in : કિશોરકુમાર સી. પટેલ (એડવોકેટ) અરજી નંબર : 499 ગામ નું નામ : NADIAD

મિલ્કતનું વર્ણન : વ.વિ. નંબર જુના સીટી સર્વે નંબર ૧૨૪૦-૧૨૪૧,૨૪૮૨/૧-૪ ક્ષેત્રફળ ૧૧૩.૪૩ ચો.મી., ૧૨૪૨ ,૨૪૮૨/૧-3 ક્ષેત્રફળ ૭૮-૯૦ ,૧૨૪૩-૧૨૪૪-૧૨૮૨ ૨૪૮૨/૧-૧,૨૪૮૨/૧-૨ ૩૪૯-૭૬ મળી કુલ ૫૪૨-૦૯ ચો.મી.ની જમીન સીટી સર્વેમાં એત્રત્રીત થયા બાદ નવો નંબર ૧૨૪૦ જેનું ક્ષેત્રફળ ૫૫૨-૦૫ ચો.મી.

દસ્તાવેજની આ શોધ Sub-Registrar Office(SRO) NADIAD મા -15 વર્ષના ઇન્ડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પુરતોજ મર્યાદીત આ શોધમા તા 20/1/2020 સુધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે.

નોંધ :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંયધરી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સબંધમા

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| Release (Fix duty 200 Rs.)<br><br>રૂ|.0.00 | વ.વિ.નંબર-૧ સીટી સર્વે નંબર- ૧૨૪૦ ક્ષેત્રફળ(હે.આરે.ચોમી)- ૨૭.૦૩ ચો.મી ની ખુલ્લી જમીન વાળી મીલકત.<br>વ.વિ.નંબર-૧ સીટી સર્વે નંબર- ૧૨૪૧ ક્ષેત્રફળ(હે.આરે.ચોમી)- ૫૪.૩૨ ચો.મી ની ખુલ્લી જમીન વાળી મીલકત.<br>વ.વિ.નંબર-૧ સીટી સર્વે નંબર- ૧૨૪૨ ક્ષેત્રફળ(હે.આરે.ચોમી)- ૫૨.૦૮ ચો.મી ની ખુલ્લી જમીન વાળી મીલકત.<br>વ.વિ.નંબર-૧ સીટી સર્વે નંબર- ૧૨૪૩ ક્ષેત્રફળ(હે.આરે.ચોમી)- ૫૨.૦૮ ચો.મી ની ખુલ્લી જમીન વાળી મીલકત.<br>વ.વિ.નંબર-૧ સીટી સર્વે નંબર- ૧૨૪૪ ક્ષેત્રફળ(હે.આરે.ચોમી)- ૩૬.૯૬ ચો.મી ની ખુલ્લી જમીન વાળી મીલકત.<br>વ.વિ.નંબર-૧ સીટી સર્વે નંબર- ૧૨૮૨ ક્ષેત્રફળ(હે.આરે.ચોમી)- ૩૨૯.૫૮ ચો.મી ની ખુલ્લી જમીન વાળી મીલકત.<br>જેમા આપનારના ભાગે આવતો વણવહેચાયેલ હકક હિસ્સાની મીલકત. | શ્રુતીબેન શિશિરભાઇ ની દિકરી તે પ્રકાશકુમાર નટવરલાલની પત્ની<br>સ્વાતીબેન શિશિરભાઇ ની દિકરી તે મેહુલભાઇ હર્ષદભાઇની પત્ની | આશિષકુમાર શિશિરભાઇ શાહ<br>ઉન્નતકુમાર શિશિરભાઇ શાહ | 19-08-2016<br><br>19-08-2016 | 4935 | |

THE SEAL OF SUB REGISTRAR • NADIAD •

સબ-રજીસ્ટ્રાર

પ્રિન્ટ તારીખ : 20/01/2020

2007

2019

સુપ્રિટેન્ડેન્ટ ઓફ સ્ટે[illegible]સ અને ઈન્સપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ [illegible]ભાગ - ગુજરાત રાજ્ય )

મિલ્કત પરના બોજા અંગેનું પત્રક

Search in : કિશોરકુમાર સી. પટેલ (એડવોકેટ) અરજી નંબર : 499 ગામ નું નામ : NADIAD

મિલ્કતનું વર્ણન : વ.વિ. નંબર જુના સીટી સર્વે નંબર ૧૨૪૦-૧૨૪૧,૨૪૮૨/૧-૪ ક્ષેત્રફળ ૧૧૩.૪૩ ચો.મી., ૧૨૪૨ ,૨૪૮૨/૧-3 ક્ષેત્રફળ ૭૮-૯૦ ,૧૨૪૩-૧૨૪૪-૧૨૮૨ ૨૪૮૨/૧-૧,૨૪૮૨/૧-૨ ૩૪૯-૭૬ મળી કુલ ૫૪૨-૦૯ ચો.મી.ની જમીન સીટી સર્વેમાં એત્રત્રીત થયા બાદ નવો નંબર ૧૨૪૦ જેનું ક્ષેત્રફળ ૫૫૨-૦૫ ચો.મી.

દસ્તાવેજની આ શોધ Sub-Registrar Office(SRO) NADIAD મા -15 વર્ષના ઇન્ડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પુરતોજ મર્યાદીત આ શોધમા તા ૨૦/૧/૨૦ સસુંધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે.

નોંધ :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંયધરી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સબંધમા

Sub-Registrar Office(SRO) NADIAD

૨૦/૧/૨૦૨૦

સબ રજીસ્ટ્રાર, નડીઆદ

THE SEAL OF SUB REGISTRAR • NADIAD •

પ્રિન્ટ તારીખ : 20/01/2020